જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૨/૨૦૨૨ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૩૨૦/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૬/૦૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૩	૨	૧૧૭૪૫	૧૭૮૪૯	૨	૧૭૮૫૧
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૯	૦	૧૨૯	૪૦૩	૦	૪૦૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૩૫૧૫	૮૫	૮૩૬૦૦	૮૪૫૦૨	૮૦	૮૪૫૮૨
કુલ		૧૦૦૧૨૦	૮૭	૧૦૦૨૦૭	૧૦૯૦૩૬	૮૨	૧૦૯૧૧૮

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૬	૫,૦૨,૦૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૭૯	૪,૭૯,૦૦૦/-

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૨૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૫ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૧૨૬ લીટર દેશી દારૂ, ૨૬ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૪,૬૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૨૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- **સમાચાર યાદી નં.૩૨૩/૨૦૨૨**

નવરંગપુરાઃ મહેશભાઇ વલ્લભદાસ જસાણી (ઉ.વ.૫૯) (રહે. ચેતન્યનગર અભિલાષા ટાવર સામે લખુડી સર્કલ નવરંગપુરા) એ તા.૧૬/૦૨/૨૦૨૧ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મહેશભાઈ જસાણી નવરંગપુરા કોમર્સ છ રસ્તા સન રાઇસ એવન્યુ દર્શન સોસાયટી સામે એસ.એમ.એન્ટરપ્રાઇઝ નામની કંપની ધરાવી ધંધો કરતા હોઈ તા.૧૯/૦૨/૨૦૧૫ થી તા.૧૫/૧૨/૨૦૧૫ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી બ્રીજેશકુમાર જયરામ નાથ (રહે. ટાઇમ સ્વેર એપાર્ટમેન્ટ મીરજાપુર હાઇ-વે ભુજ) એ કસ્ટમ ક્લિયરંસનુ રૂપિયા ૬,૪૦,૪૦૮/- કામ કરાવી કામ પુર્ણ થયે નાણાં ચુકવવાની વાત કરી હતી તેમજ બ્રીજેશકુમાર નાથ ચાયના ક્લે રો મટીરીયલની કંપની સાથે સંકળાયેલ હોઈ મહેશભાઈ જસાણી નાઓએ તેઓ પાસેથી ચાયના ક્લે રો મટીરીયલ ખરીદ કરી અન્ય કંપનીને આપવાનો કોન્ટ્રાક્ટ આપતા તે પેટે મહેશભાઇ જસાણીએ રૂપિયા ૧૩,૦૦,૦૦૦/- ચુકવતા કસ્ટમ ક્લીયરન્સની આપેલ સેવાની ફી પેટેના નાણા તેમજ ચાઇના ક્લે રો મટીરીયલ્સ નહી મોકલી કુલ રૂપિયા ૧૯,૪૦,૪૦૮/- નુકશાન કરી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.જે.ચુડાસમા ચલાવે છે.

ગોમતીપુરઃ વાહીદ પાસા સ/ઓ અંન્સારશાબ આનંદવાલે (ઉ.વ.૩૨) (રહે.નુરભાઇ ધોબીની ચાલી આમ્રપાલી સીનેમા રોડ ગોમતીપુર) એ તા.૧૬/૦૨/૨૦૨૧ ના રોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૨/૨૦૨૨ થી તા.૧૬/૦૨/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન ગોમતીપુર ઉષા સીનેમા રોડ ખાતેથી આરોપી સ્વપનીલ યોગેશ પંડીત (રહે. રોયલ હાઉસ ફ્લેટ વિજય પેટ્રોલપંપ પાછળ રખીયાલ રોડ ગોમતીપુર) તેલના ધંધામાં રોકાણ કરવાથી સારો નફો મળવાની લાલચ આપી રૂપિયા ૩,૫૦,૦૦૦/- રોકાણ કરાવી મુડી કે નફો નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઇ.શ્રી એન.એચ શેખ ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૩૨૪/૨૦૨૨**

"કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ કમળાબહેન કાન્તીલાલ સોલંકી (ઉ.વ.૫૨) (રહે.દેવરાજનગર ગગન વિહાર પાછળ શાહવાડી નારોલ) વિનસ ડેનીમ કંપનીમાં કામ કરતા હતા. જ્યાં વિનસ ડેનીમ કંપનીના ફીનીશીંગ વિભાગ નજીક તા.૧૬/૦૨/૨૦૨૨ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે ટાટા ૪૦૭ ગાડીના ચાલકે વાહન પુર ઝડપે અને બેદરકારીથી ચલાવી ટક્કર મારતા કમળાબહેનને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને જ્યોતિબા હોસ્પીટલમાં લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર કમળાબહેનના પુત્ર રજનીકાંત સોલંકીએ "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એમ.રાઠવા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૩૨૫/૨૦૨૨**

અમરાઇવાડીઃ દિપક સ/ઓ ગોવિંદભાઇ ચૌહાણ (ઉ.વ.૩૧) (રહે. શિતલનગર લાઇન નંબર-૯ બળીયાનગર સામે અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૨/૨૦૨૨ સાંજના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મહેન્દ્રસિંહ રામસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.